ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ''કોંગ્રેસ આવે છે, નવ સર્જન લાવે છે'' સુત્ર આકર્ષક જરૂર પણ એક સુત્રતા નથી

''કોંગ્રેસ આવે છે'' સુત્ર આકર્ષક જરૂર રહ્યું, પણ પ્રચારમાં એક સુત્રતા નથી રહેતી તે નથી જ રહેતી. ઘરકંકાસમાં શક્તિ એટલા પ્રમાણમાં વપરાય છે, જેના કારણે પક્ષની પ્રતિભા ઉપસી શકતી નથી એ વાત ઉપસી રહી છે. ૧૯૯૦-૯૫ પહેલાંની માધવસિંહભાઈ અને અમરસિંહભાઈની સરકારોની કામગીરી રજુ કરવામાં કોંગ્રેસ




નબળી પુરવાર થઈ રહી છે. વર્ષોથી રાજ્યમાં થયેલાં વિકાસના કામોને પણ અસરકારક રજુ ન કરી શકવાથી પક્ષની સમર્થતા શંકા ઉપજાવે છે. મુદ્દાઓમાં સંકલનના અભાવે સહકારી સંસ્થાની શ્વેતક્રાંતિનું શ્રેય કોંગ્રેસ મેળવી શકતી નથી એ હકિકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી..! અને હા, નાના મોટા થીંગડાને કારણે કોંગ્રેસની અસ્સલ ખુમારી ખોરવાતી જાય છે.

''હું વિકાસ છુ, હું ગુજરાત છુ'' અહંકારથી છલોછલ સુત્ર બાજપાઈ અને અડવાણીની નમ્રતાને શરમાવે છે. ગાજીગાજીને બોલવાનું પ્રજાને વાગે છે. સુત્રમાં અહંકાર છે અને સુત્રના બોલનારાઓમાં પણ અહંકાર આવતો જાય છે. શેરીના કાર્યકર્તાથી લઈ ટોચના કાર્યકર્તાઓનો 'તોર' પ્રજાએ અનુભવ્યો છે અને અનુભવે છે. 'અમને કોઈ પહોંચ્યુ નથી અને અમને કોઈ પહોંચશે નહી.' નો ભાવ ચિંતાજનક સ્થિતિ સુધી વિસ્તરતો જાય છે. વિવાદાસ્પદ વિકાસના મુદ્દાને વધુ ને વધુ વિવાદોમાં ઘસડવાનો શોખ ક્યારેક ભારે પડશે તેમ વર્તાય છે. 'કયો વિકાસ - ક્યાં વિકાસ - શાનો વિકાસ' મુદ્દાનો જવાબ આપવાના બદલે વિરોધીઓને ભાંડવાની શૈલી અંદરનું ખોખલાપણું છતું કરે છે. 'ખાલી

**''હું વિકાસ છુ, હું ગુજરાત છુ' અહંકારથી છલોછલ સુત્ર ભાજપની વિચારધારાને શરમાવે છે**

ચણો વાગે ઘણો' એવી ગ્રામીણ કહેવત ભાજપના કાર્યકરો માટે હવે છુટથી વપરાતી જાય છે. અને હા પોતે શું કર્યુ છે ? એના કરતાં તેમણે શું નથી કર્યુ એ ગાણું નહીં બદલાય તો ભારે પડી શકે તેમ છે.

'મોદી...મોદી..., રાહુલ... રાહુલ..' ખુબ જયઘોષો કર્યા. ખુબ સુત્રો બોલાવ્યા... ખુબ હાર-તોરા કર્યા... જય જયકાર કર્યો. અંજાઈ જઈએ છીએ આપણે..! ભભકાદાર ભાષણો અને ચોટદાર સુત્રોથી આપણી પીડા અને પ્રસન્નતા વિકલાંગ બની જાય છે. કોણ સાચુ-કોણ જુઠ્ઠુ, કોણ સારૂ - કોણ નરસુ, કોણ લાયક - કોણ ગેરલાયક... ભેદ પારખવાના આપણા માપદંડો ભ્રમના ધુમ્મસમાં વાંચી શકાતા નથી. આજે પગે લાગનારાઓને પુછવું જોઈએ કે પાંચ વર્ષ અમારે

● અનુસંધાન પાન-૩ પર

# જિલ્લામાં ૬૯૬ સર્વિસ વૉટર્સ છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૬૯૬ સર્વિસ વૉટર્સ છે જેમને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસ પછી હરિફ ઉમેદવારોની યાદી તૈયાર થઈ ગયા બાદ ઓનલાઈન બેલેટ પેપર મોકલવામાં આવશે.

૨૬ નવેમ્બર આવા મતદારોની નોંધણી માટે અંતિમ દિવસ હતો. આ પછી આવા મતદારોની નોંધણી બંધ કરી દેવામાં આવી છે. જિલ્લામાં સૌથી વધુ સર્વિસ વૉટર્સ માણસા વિધાનસભા બેઠક પર નોંધાયા છે. જેની સંખ્યા ૨૨૧ છે. ગાંધીનગર (દ)માં ૨૦૬, ગાંધીનગર (ઉ)માં ૧૬૧, દહેગામમાં ૬૦ અને કલોલ બેઠક પર ૪૮ મતદારો સર્વિસ વૉટર્સ તરીકે નોંધાયેલા છે.

કેન્દ્રીય પોલીસ દળ અને સંરક્ષણ સેવાની વિવિધ સંવર્ગોમાં ફરજ બજાવતા જવાનોને સર્વિસ વૉટર્સની કેટેગરીમાં ગણવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે આવા મતદારોને ઈ.બેલેટ પેપર મોકલ્યા પછી તેમને તેમનુ મતપત્ર પરત મોકલવા માટે ચૂંટણીપંચે આ અંગે ખાસ કવરો પણ તૈયાર કરીને મોકલી આપ્યા છે.

આવી ટપાલ મતગણતરીના દિવસની વહેલી સવાર સુધી સ્વીકારવામાં આવશે. આ મત ગણતરી પણ અલગથી કરવામાં આવશે.

## જિલ્લામાં ૬ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો યોજાનારી ચૂંટણીમાં આજે છ ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો પાછા ખેંચી લીધા છે.

ગઈકાલે ચકાસણી દરમ્યાન ૮૫ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા હતા. ૩૦મીએ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આજે છ ઉમેદવારીપત્રો પાછા ખેંચાતા હવે જિલ્લામાં ૭૯ ઉમેદવારો રહેવા પામ્યા છે. જે છ ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા છે તેમાં માણસામાં એક, દહેગામમાં ૩ અને કલોલમાં ૨ ઉમેદવારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં સૌથી વધુ ઉમેદવારો માણસા બેઠક પર છે. આ બેઠક પર ૨૬ ઉમેદવારો હજુ મેદાનમાં છે તો કલોલમાં ૧૭ ઉમેદવારો મેદાનમાં છે.

# મગોડીમાં વરૂ જેવા હીંસક પ્રાણીનો આતંક પાંચને ઘાયલ કર્યા વનતંત્રનુ સર્ચ ઓપરેશન

**વરૂ જેવા દેખાતા હિંસક પ્રાણીના લીધે ગ્રામજનોમાં ફફડાટ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર તાલુકાના મગોડી ગામમાં જંગલી પ્રાણીએ દેખા દીધી છે. વરૂ જેવા જંગલી પ્રાણીએ અત્યાર સુધીમાં પાંચથી સાત જેટલા ગ્રામજનો પર હીંસક હુમલો કર્યા હોવાની વાત પણ પ્રકાશમાં આવી છે. રહેણાંક વિસ્તારમાં જંગલી પ્રાણીની હીંસક વૃતિના લીધે સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. વરૂ જેવા આ પ્રાણીએ કરેલા હુમલામાં એક વ્યક્તિને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઇ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ અંગે વન વિભાગને જાણ થતા વનતંત્રએ કોતર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. જયારે હીંસક પ્રાણીને કેદ કરવા માટે પાંજરા પણ મુકયા છે.







ગાંધીનગર નજીક ચિલોડા દહેગામ માર્ગ પર સ્થિત મગોડી ગામમાં જંગલી પ્રાણીએ દેખા દેતા સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. વરૂ જેવા દેખાતા આ જંગલી પ્રાણીએ અત્યાર સુધી પાંચ થી સાત જેટલા વ્યકિતઓ પર હુમલો કર્યો હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે જેમાં એક વ્યકિતને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન આઠ ટાંકા લેવાની ફરજ પડી છે. ખારી નદીના કોતર વિસ્તાર નજીક વરૂ જેવુ જંગલી પ્રાણીની હિંસક ગતિવિધિઓથી સ્થાનિક રહીશોમાં ફફડાટ વ્યાપ્યો છે. આ અંગે વનવિભાગને જાણ થતા કોતર વિસ્તારમાં ઓપરેશન શરૂ કર્યુ છે. વનતંત્રએ આ વિસ્તારમાં પાંજરા મુકી જંગલી પ્રાણીને કેદ કરવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

# આખા બોલો છુ... પણ પેટમાં પાપ નથી : અશોક પટેલ

**શિક્ષિત અને સમજુ મતદારો જીત અપાવશે : જ્ઞાતિવાદમાં માનતો નથી : પાંચ વર્ષ પ્રજાની વચ્ચે સેવક તરીકે કામ કર્યુ છે : આગામી દિવસોમાં શહેરમાં વસતી મુજબ પાણી ગટરની વ્યવસ્થા અપગ્રેડ કરવાનુ કામ મુખ્ય**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર ઉત્તરની બેઠક પર અનેક ઉમેદવારોની દાવેદારીના અંતે



ભાજપે સીટીંગ એમ એલ એ અશોક પટેલને ટીકીટ આપી રીપીટ થિયરી અપનાવી છે. આવા સંજોગોમાં આ મહત્વની બેઠક પર બીજીવાર ઉમેદવારી કરતા અશોક પટેલ પ્રજા

**સીધો સંવાદ - ધનંજય જોષી**

પાસેથી કેમ મતની અપેક્ષા રાખે છે. પાંચ વર્ષમાં શુ કર્યુ અને હવે શુ કરવા માંગે છે. પ્રસ્તુત છે . આખા બોલા અશોક પટેલ સાથેની વાતચીતના અંશો...

**ભારતીય જનતા પાર્ટીએ તમને ઉત્તરની બેઠક પર ફરી ટીકીટ આપી તેની ક્રેડીટ કોને આપો છો ?**

ભાજપે મને આ બેઠક પર રીપીટ કર્યો અલબત્ત ફરી ટીકીટ આપી તેનો શ્રેય પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અને પ્રદેશ પ્રમુખથી લઈ પક્ષના નાનામાં નાના કાર્યકર્તાઓને જાય છે.

**ગત ટર્મમાં ચુંટાયા બાદ ધારાસભ્ય તરીકે ગાંધીનગર માટે માઇલસ્ટોન સમાન કયુ કામ કર્યુ ?**

ગાંધીનગરમાં ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટની સમસ્યા જટીલ બની હતી. વિજબીલની બચત સાથે પુરતુ અજવાળુ પથરાય તે માટે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવ્યો . કોર્પોરેશન સાથે રહી શહેરની આગવી ઓળખ સમા સે-૨૮ ના બાલોદ્યાન તેમજ સરીતા ઉદ્યાનને વિકસાવાનુ કામ હાથ ધરાયુ આ ઉપરાંત શહેરમાં નવા બસસ્ટેન્ડ પણ બનાવ્યા. મહાત્મા મંદિર ફેઈઝ ટુ નુ કામ પણ મારા ધારાસભ્ય તરીકેના કાર્યકાળમાં થયુ

**તમે આખા બોલા પટેલ છો આ સ્વભાવ તમને નડે છે ?**

હા હુ આખા બોલો વ્યકિત છુ. નેતા તરીકે મારો આ સ્વભાવ મને નડતો નથી કારણ કે મારા મનમાં પાપ નથી. કુટનિતી નથી. જેના લીધે નાગરિકો મારા બોલનુ અર્થઘટન ખોટી રીતે પણ કરતા નથી.

**તમને નાગરિકો કેમ મત આપશે એવુ તો શુ કર્યુ ?**

છેલ્લા પાંચ વર્ષમાં હુ એમ એલ એ છું તેવા ભાવ સાથે કામ કર્યુ નથી. જ્ઞાતિવાદને પ્રોત્સાહીત કર્યા વગર સમભાવ રાખીને સેવક તરીકે પ્રજા વચ્ચે રહેવાનો પ્રયાસ કર્યો છે. માટે પ્રજા મને ઓળખે છે.

**તમને બહુમત હાંસલ થાય તો ગાંધીનગર માટે હવે શુ કરશો ?**

ગાંધીનગરમાં વિકાસના વિશેષ કોઈ કામો બાકી નથી. છતા સ્માર્ટ સીટીને અનુરૂપ નગરના વિકાસમાં ખુટતા પરિબળો ઉમેરવા પડશે. જયારે

● અનુસંધાન પાન-૩ પર




# ગાંધીનગરમાં ડિસેમ્બરના આરંભે જ નેતાઓ-અભિનેતાઓ આવી પહોંચશે

ગાંધીનગર તા ૨૯

વિધાનસભાની ચુંટણીને આડે થોડા દિવસો જ આડા રહી ગયા છે. ત્યારે ઉમેદવારી ચિત્ર સ્પષ્ટ થયા બાદ હવે રાજકીય પક્ષો પ્રચાર ઝુંબેશ તેજ અને અસરકારક બનાવવા માટે સજજ થઈ રહયા છે. ગાંધીનગરમાં પણ સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતારવા માટે વાટાઘાટો થઈ રહયા છે. ડિસેમ્બર મહીનાના પ્રથમ સપ્તાહમાં શહેરમાં ચુંટણી પ્રચારનો ધમધમાટ પરાકાષ્ટાએ જોવા મળશે.

ગુજરાત વિધાનસભાના રસપ્રદ ચુંટણી જંગને અનુલક્ષી ઉમેદવારોનુ ચિત્ર આજે આખરી થઈ જશે. ત્યારે પ્રતિષ્ઠાભર્યા ચુંટણી જંગના પ્રચારમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે બન્ને રાજકીય પક્ષોએ મહાપ્રચાર અભિયાન શરૂ કરી દીધુ છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પણ મહત્વની હોવાથી પ્રચાર ઝુંબેશ હવે તેજ બનાવાના મુડમાં છે. ચુંટણી પ્રચાર માટે પણ રાત થોડને વેશ જાજા તેવો ઘાટ છે. મતદારોને પોતાની તરફ

**ભાજપ અને કોંગ્રેસ સ્ટાર પ્રચારકો સાથે વાટઘાટમાં : એશ્વર્યા રાય, હેમા માલિની, પરેશ રાવલ, રાજ બબ્બર નવજોત સિંગ સિંધુ આવે તેવી સંભાવના**

આકર્ષવા માટે બન્ને રાજકીય પક્ષો સ્ટાર પ્રચારકો મેદાનમા ઉતારવાના મુડમાં છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષે સ્ટાર પ્રચારકો સાથે વાટાઘાટો ચાલી રહી છે. ટુંકમાં જ પ્રચાર ઝુંબેશનુ આયોજન પણ કરી દેવાશે. ભાજપ એશ્વર્યા રાય ,સ્મૃતિ ઈરાની ,પરેશ રાવલ હેમા માલિની સહીતના પ્રચારકો મેદાનમાં ઉતારવા ગતિવિધિઓ આરંભી છે.

જયારે કોંગ્રેસ પણ રાજ બબ્બર નવજોતસિંગ સિધ્ધુ અને એન સી પી માં શરદ યાદવ અને પ્રફુલ્લ પટેલ તેમજ બહુજન સમાજ પાર્ટીમાંથી માયાવતી સહીતના પ્રચારકો સભા ગજવશે. ગુજરાત વિધાનસભાનો ચુંટણી જંગ બે તબક્કામાં છે. પ્રથમ તબક્કામાં ૯ ડીસેમ્બરે મતદાન થવાનુ છે. જયારે બીજા તબક્કામાં ૧૪ ડીસેમ્બરે મતદાનની પ્રક્રીયા હાથ ધરવાની છે. જેને ધ્યાને લઈ રાજકીય પક્ષો પ્રચાર ઝુંબેશનુ આયોજન આખરી કરી રહયા છે. કોંગ્રેસ અને ભાજપ સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતારવા માટે વાટાઘાટો કરી રહયા છે.

ગાંધીનગર જિલ્લામાં પણ ભાજપ અને કોંગ્રેસ પ્રચાર ઝુંબેશને અસરકારક બનાવવા તેમજ વધુ મતો પોતાના પોકેટમાં કરવા માટે અસરકારક પ્રચાર ઝુંબેશને વેગ આપવા પ્રયત્નશીલ છે. ભાજપ એશ્વર્યા રાય , સ્મૃતિ ઈરાની હેમા માલિની સહીતના સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતારવાના મુડમાં છે. ગાંધીનગર મત વિસ્તારમાં પણ ડિસેમ્બર મહીનાના પ્રથમ સપ્તાહમાં સ્ટાર પ્રચારકો સભા ગજવશે. ચુંટણીલક્ષી પ્રચારનો ધમધમાટ પરાકાષ્ટાએ જોવા મળશે.

## ગાંધીનગરમાં પારો હવે ૧૧.૮ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદની સાથે સાથે રાજ્યભરમાં હવે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યના કેટલાક ભાગોમાં પારો ગગડી ગયો છે. સવારમાં અને સાંજે ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે. આજે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી નોંધાયું હતું જ્યારે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૧૩ ડિગ્રી રહ્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૨ ડિગ્રી થઈ ગયું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવવામાં આવ્યું છે કે, આવતીકાલે વધુ ઠંડીનો અનુભવ લોકો કરી શકે છે અને પારો ઘટીને ૧૨ સુધી પહોંચી શકે છે. ગ્લોબલ વોર્મિંગની અસર વિશ્વભરમાં દેખાઈ રહી છે. પહેલાના સમય દિવાળીના સમયે ઠંડીનો અનુભવ થવા લાગતો હતો પરંતુ હવે ડિસેમ્બરની શરૂઆત થઈ રહી હોવા છતાં ધીમીગતિએ ઠંડીની શરૂઆત થઈ રહી છે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com